SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 18. ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય ક્ષેત્રે ભગવાનદાસ પટેલનું પ્રદાન

ડૉ. સોનલબેન અમૃતલાલ પટેલ

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર સંશોધકોમાં ભગવાનદાસ પટેલ મોખરાનું સ્થાન ધરાવે છે. આદિવાસી કંઠ પરંપરાના ઉત્તમ સંશોધક-સંપાદક ભગવાનદાસ પટેલનો જન્મ ૧૯મી નવેમ્બર ૧૯૪૩ના રોજ સાબરકાંઠા જિલ્લાના જામળા ગામમાં માતા મેનાબહેનની કૂખે થયો હતો. તેમના પિતા કુબેરદાસ ખેતી સાથે સંકળાયેલા હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ વતન જામળામાં લીધું તેમજ માધ્યમિક શિક્ષણ હિંમતનગરમાં લીધું. વર્ષ ૧૯૬૭ માં હિન્દી-ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા. વર્ષ ૧૯૭૨ માં હિન્દી-સંસ્કૃત વિષય સાથે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો. વર્ષ ૧૯૮૪માં કનુભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ ભીલોમાં ગવાતા અરેલા વિષય પર એમ.ફીલ.ની પદવી પ્રાપ્ત કરી. વર્ષ ૧૯૯૦ માં રમણલાલ નાગજીભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' વિષય પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.

ભગવાનદાસ પટેલ લોકસાહિત્યના સંશોધન-સંપાદન કાર્ય ક્ષેત્રે કેવી રીતે જોડાયા એ અંગે પોતાના વિચારો રજૂ કરતા જણાવે છે કે ૧૯૭૫માં અરવલ્લીના પહાડી પ્રદેશમાં ખેડબ્રહ્માથી 15 કિલોમીટર દૂર આવેલા ખેડવા ગામે બળદ ખરીદવા ગયેલા. પણ બળદ ન મળતા ચંદ્રાણા ગામમાંથી બળદ મળે છે. રાતવાસ દરમ્યાન ઘરમાલિક ઝાલાની પત્ની આખીરાત બળદની પાસે બેસીને ઘાસ નીરતી રહી. સાથે કશુંક બોલતી રહી. ભગવાનદાસ એ બોલી સમજી શક્યા નહીં. પશુ પ્રત્યેની ભાવનાથી તેઓ ખૂબ અંજાયા. માટે જ અનેક મુશ્કેલીઓ વેઠીને ભીલી ભાષા શીખ્યા અને પોતાનું જીવન 'લોક'ને અર્પણ કરી દીધું. કોઈપણ જાતના બદલાની અપેક્ષા રાખ્યા વિના તેમણે આ ભગીરથ કાર્ય કરી આદિવાસી લોકસાહિત્યને દેશ-વિદેશ પહોંચાડ્યું છે. ડૉ.હસુ યાજ્ઞિક જણાવે છે કે,

"કોઈ એક વ્યક્તિએ કોઈ એક જ સંસ્થાના સીધા આશ્રય વગર કોઈ એક ક્ષેત્રને એક જ જાતિની કંઠપરંપરાના સાહિત્યનું પ્રત્યક્ષરૂપના ધ્વનિમુદ્રણનો આધાર લઈને વિશેષ મૂલ્યવાન સંપદાનું લગભગ પૂર્ણ એવું દસ્તાવેજકૃત સંશોધન-સંપાદન કર્યું હોય એનું એકમાત્ર ઉદાહરણ ભગવાનદાસ પટેલ છે. એમણે ખેડબ્રહ્માના ડુંગરી ભીલ આદિવાસીઓનું ઋતુચક્ર, જીવનચક્ર સંલગ્ન કંઠપરંપરાના સાહિત્યનું દોઢેક હજાર ધ્વનિમુદ્રિત કેટલીક દ્રશ્ય-શ્રાવ્ય માત્ર કેસેટને આધારે વીસમી સદીના જ અંતિમ દાયકામાં આ કાર્ય કર્યું છે. ગુજરાત કે ભારતમાં જ નહીં, વિદેશમાં પણ કોઈ એક સંશોધકે આવું આટલું કાર્ય કર્યું હોવાનું જાણમાં આવ્યું નથી."

ભગવાનદાસ પટેલના સંશોધન-સંપાદન પુસ્તકોની યાદી ઘણી લાંબી છે. 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' (૧૯૯૨), 'અરવલ્લી પહાડની આસ્થા' (૧૯૮૪), 'અરવલ્લીલોકની વહીવાતો' (૧૯૯૨), 'ભીલોની વહીવાતો-વાર્તાઓ' (૨૦૧૬), 'ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓ' (૧૯૯૨), 'આદિવાસી ઓળખ' (૧૯૯૯), 'આદિવાસી સાંસ્કૃતિક વારસો' (૨૦૧૩), ઉપરાંત લોકગીતોના સંચય કરતા 'લીલાં મોરિયા' (૧૯૮૩), 'ફલરાંની લાડી' (૧૯૮૩), 'ભીલોના સામાજિક ગીતો' (૨૦૧૨), 'ભીલ લોકોત્સવ:ગોર' (૧૯૯૪), 'ભીલોના હોળી ગીતો' (૧૯૯૯), 'ભીલોના ધાર્મિક ગીતો' (૨૦૧૦), 'ભીલોના હગ અને વતાંમણાં' (૧૯૯૫) જેવા પુસ્તકો મળે છે. સામાજિક ગીતકથાના કેટલાંક પુસ્તકો પણ એમની પાસેથી પ્રાપ્ત થાય છે. જેમ કે, 'ભીલ ગીતકથા: ખૂતાંનો રાજવી અને દેવોલ ગુઝરણ' (૨૦૦૦), ભીલ ગીત વારતા-ઢોલી મારુણી' (૨૦૦૧) 'ભીલ ગીત સંપદા' (૨૦૦૮) આ ઉપરાંત, ભીલ કથાગીતોને લગતા પુસ્તકો પણ મળ્યા છે. જેમ કે, 'ભીલ કથાગીત:ડુપિયા દે ડોખલી' (૨૦૦૨), 'ભીલ કથાગીત:હોનોલ હોટી'(૨૦૦૨). કેટલાક આદિવાસી લોકાખ્યાનોના સંચય પણ તેમણે કર્યા છે. જેમાં 'આદિવાસી લોકાખ્યાન' (૨૦૧૧), 'ડુંગરી ભીલોના દેવિયાવાળાના અરેલા: નવલાખ દેવીઓ અને કરમીઓ' (૧૯૮૭), 'તોળી રોંણીની વારતા' (૧૯૯૩), 'ભીલ લોકાખ્યાનો:સતિયો ખાતુ અને હાલો-હૂરો' (૧૯૯૨), 'રૂપારોંણીની વારતા' (૨૦૦૨), 'ભીલ ભજન વારતા:હાલ દે ફોળંગી અને નાગઝી દલઝી' (૨૦૦૨), ભીલ ભજન વારતા: લાલુ અરીદા' (૨૦૦૩), 'ભીલ ભજન વારતા: રોમદે'

(૨૦૦૩), ભીલ ભજન વારતાઃ ઝાગદે પરમાર' (૨૦૦૫), 'ગોપીચંદ ભરથરીની વારતા' (૨૦૦૫), 'કોબરિયા ઠાકોરની વારતા' (૨૦૦૫), 'ભીલોના દેવરાની ભજન-વારતા' (૨૦૦૫), 'ઑસદેવની વારતા' (૨૦૦૫), 'મોતીચારાની વારતા' (૨૦૦૭), 'ભીલી આદિવાસી મૌખિક આખ્યાન ખંડ-૧,૨' (૨૦૧૮) વગેરે સંપાદનો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત મૌખિક લોકમહાકાવ્યો પણ સંપાદિત કર્યા છે, જેમાં 'રૉમ સીતમાની વારતા' (૧૯૯૫), 'ભીલોનું ભારથ' (૧૯૯૭), 'આદિજાતિ મહાકાવ્યો' (૨૦૧૦), 'ભીલ લોકમહાકાવ્ય:રાઠોર વારતા' (૧૯૯૨), 'ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો' (૧૯૯૩) વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'આદિવાસી જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી' (૨૦૦૫), 'શોધસંપદા' (૨૦૦૮), 'પૌરાણિક ભીલ મહાકાવ્યો' (૨૦૦૮), 'ભીલી મહાકાવ્યોઃ એક મૂલ્યાંકન' (૨૦૧૧), 'આદિવાસી લોકસાહિત્ય શાસ્ત્ર' (૨૦૨૦), 'ભીલ આદિવાસી મૌખિક ગીતકથા -કથાગીતો' (૨૦૨૨), 'આદિવાસી લોકવિદ્યાશાસ્ત્ર' (૨૦૨૨) જેવા પુસ્તકો પણ પ્રાપ્ત થાય છે.

ભગવાનદાસ પટેલે એક યુનિવર્સિટી કરે એવું ભગીરથ કાર્ય એકલા હાથે કર્યું છે. તેમનું પુસ્તક 'ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ'માં તેમણે પ્રાગૈતિહાસિક સમયની ૧૧૦ આદિ માનવની વસાહતો શોધી અને ૧૫૦૦ પાષાણ, સમાધિઓ અને ચિત્રગુફાઓ શોધી ૯૦,૦૦૦ વર્ષ પૂર્વેના માનવજીવન અને સંસ્કૃતિ ઉપર પ્રકાશ પાડ્યો છે.

'અરવલ્લી પહાડની આસ્થા' ગ્રંથમાં ડુંગરી ભીલ આદિવાસીઓના મંત્ર-તંત્ર, આદિવાસીઓની ગુપ્ત વિદ્યાઓ, પ્રચલિત ભૂત, ડાકણ, ચૂડેલ વગેરે વિશેના ખ્યાલો તેમજ ભોપાઓ દ્વારા ડાકણ કાઢવા ઉપયોગમાં લેવાતા લોકમંત્રો તથા કહેવાથી લોકકથાઓ પણ સંપાદિત કરવામાં આવી છે.

'અરવલ્લીની વહીવાતો' પુસ્તકમાં વઈવાતોનું સ્વરૂપ, વઈ શબ્દનો અર્થ, તેના કથનનો સમય, સ્થળ, કથનની પદ્ધતિ, વઈનો રચનાકાળ, વઈ કહેવાનો પ્રાદેશિક વિસ્તાર, વઈના ભોપા સાથે સાથે કુલ નવ વઈઓ પણ આપવામાં આવી છે. મૂળપાઠ પણ રજૂ કરવામાં આવ્યો છે. આ પુસ્તકો દ્વારા લોકજીવનનો એક અલગ માન્યતાગત ગુપ્તવિદ્યાનું કંઠસ્થ સાહિત્ય પ્રાપ્ત થાય છે.

'ભીલોની વહીવાતો-વારતાઓ' નામના પુસ્તકમાં ભીલ આદિવાસીઓના લોકસમૂહમાં સ્થિત ૧૮ કોણી વાતો, બે વારતાઓ, બે બીમારી દૂર કરવાના મંત્રોને અહીં સંપાદિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, ડુંગરી ભીલ આદિવાસીઓના લોકજીવનનો પરિચય આપતું 'ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓ' પુસ્તક પણ મળે છે. જેમાં ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકામાં વસતા આદિવાસીઓનું લોકજીવન અને તેમની જીવન પદ્ધતિની રૂપરેખા આપવામાં આવી છે. કુલ ૧૦ પ્રકરણમાં વિભાજીત આ પુસ્તકમાં આ પ્રદેશનો ભૌગોલિક પરિચય આપી તેની ઉત્પત્તિકથા, તત્ત્વજ્ઞાન, દૈનિક-વાર્ષિક જીવન, સામાજિક રીત-રિવાજો, તેમના ઉત્સવો, દેવદેવીઓ, જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારો, સામાજિક વ્યવસ્થા વગેરેને કારણે આ ગ્રંથ સમૃદ્ધ બન્યો છે.

'લીલાં મોરિયા' એ ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત ડુંગરી ભીલી લોકગીતોનો સંચય છે. આ પુસ્તકમાં ભીલ આદિવાસી યુવક-યુવતીઓના પ્રણયભાવને રજૂ કરવામાં આવ્યો છે. યૌવનની મસ્તી, મિલન, વિરહ, તાદાત્મ્ય, યૌનઆવેગો જેવા વિષયને સ્થાન આપ્યું છે. સંપાદનના અંતે શબ્દશુદ્ધિપત્રક પણ મૂક્યું છે.

'ફૂલરાંની લાડી' એ ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત લોકગીતોનો બીજો સંગ્રહ છે. જેમાં ૧૦૩ લોકગીતોનો સંચય કરવામાં આવ્યો છે. ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓની લાક્ષણિક લગ્નપ્રથા, રીત-રિવાજો અને લગ્નગીતોની વિગતે ચર્ચા કરી છે. લગ્નના આરંભથી લઈને પૂર્ણાહુતિ સુધીની ક્રિયાવિધિનો સંપૂર્ણ ચિતાર ચોકસાઈપૂર્વક આપ્યો છે. ઝેમણાં ઝાવું, ધોંબા પૂરવા, ગણેશ લેવા જવું, પીઠી સ્નાન વિધિ, પીઠી ચોળવી, ગોત્રદેવ પાસે કન્યા અને બેસાડવી ગોતરેજ પૂજા, કૂકરિયુ, ગાવાના ગીતો વગેરે મળીને કુલ ૧૦૩ લોકગીત ડુંગરી ભીલોના લગ્ન કરવાની રીત, તેમાં ક્રિયાવિધિઓની સમજ સાથે ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે.

ભગવાનદાસ પટેલ સંપાદિત 'ભીલ લોકોત્સવ ગોર' સંશોધનગ્રંથમાં ગોરનાં ગીતો, ગોઠીયાના ગીતો, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામમાંથી વૈશાખ માસમાં ગવાતા ગોરના ધાર્મિક સામાજિક ગીતો સંપાદિત કર્યા છે. 'ભીલોનાં ડુગ અને વતામણાં' મૂસીકમાં ખેડબ્રહ્માના ધાર્મિક સામાજિક ગીતો સંપાદિત કર્યા છે. 'ભીલોના ધાર્મિક ગીતો' પુસ્તકમાં ભીલ સમાજજીવનના ધાર્મિક ગીતોની સ્વરૂપગત સૈદ્ધાંતિક ચર્ચા કરી છે.

ગીત કથાઓની વાત કરીએ તો 'ભીલ ગીત કથાઃ ખૂંતાનો રાજવી અને દેવોલ ગુઝારણ' એ લગ્નપ્રસંગે નૃત્ય સાથે રજૂ કરવામાં આવે છે. ડુંગરી ભીલ આદિવાસીઓમાં આ કથા એક આગવું સ્થાન ધરાવે છે.  ભાભીના મેણાંથી ગુસ્સે થઈને દિયર શરત પૂરી કરવા રાજકુંવરી દેવોલને પરણે છે. એ કથાને અહીં રજૂ કરવામાં આવે છે. તો 'ઢોલા-મારુણી' એ લોકપરંપરામાં પ્રાપ્ત થયેલ કથાનું ભીલગીત વારતારૂપે રૂપાંતર થયેલું આ પુસ્તક છે. આ પુસ્તકમાં સંશોધકની શાસ્ત્રીય સમજ જોવા મળે છે. આ ઉપરાંત, 'તોળી રોંણીની વારતા', 'સતિયો ખાતું અને હાલો-હૂરો', 'રૂપારોંણીની વારતા' વગેરેમાં પણ સંશોધક-સંપાદકની સૂઝબૂઝના દર્શન થાય છે.

'ભીલી આદિવાસી મૌખિક આખ્યાન ખંડ-૧,૨' પુસ્તકમાં મૌખિક લોકાખ્યાને શબ્દદેહ આપ્યો છે. ખેડબ્રહ્મા પ્રદેશના આદિવાસીઓના જીવન, તેમની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓને સમજવામાં આ ગ્રંથ મદદરૂપ બને એવો છે. 'રૉમ સીતામાની વારતા' એ મૂળે 'રામાયણ'નું ડુંગરી ભીલ આદિવાસી રૂપાંતર છે.  તો 'ભીલોનું ભારથ' એ ડુંગરી ભીલ આદિવાસીઓનું લોકમહાકાવ્ય છે. આ પુસ્તકમાં મહાભારતની કથાના ઘણા બધા કથાઘટકો ઉમેરાયેલા હોવાથી મૂળ ભીલી પરંપરાનો પ્રભાવ જોઈ શકાય છે. તો 'રાઠોર વારતા' ગ્રંથ એ ડુંગરી ભીલ આદિવાસીઓનું લોકમહાકાવ્ય છે. આ લોકમહાકાવ્ય ઐતિહાસિક વીરગાથા છે. આ ઉપરાંત 'ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો' એ ડુંગળી ભીલોની લોકવિદ્યાનુ અને તેમના પરંપરાગત કંઠસ્થ લોકસાહિત્યનું પુસ્તક છે. ગુજરાંનો અરેલો એ રાજસ્થાનના બગડાવત-દેવનારાયણનું ભીલી રૂપ છે.

ભગવાનદાસ પટેલ દ્વારા સંશોધિત-સંપાદિત આદિવાસી કંઠપરંપરાના મૌખિક લોકમહાકાવ્યોના અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે. ભગવાનદાસ પટેલને તેમના કાર્ય માટે ઘણા એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. જેની યાદી ઘણી લાંબી છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી ૧૯૯૮માં 'ભાષા સન્માન' મળ્યું છે. અખિલ ભારતીય સાહિત્ય પરિષદ તરફથી 'વનવાસી કલા સાહિત્ય' ૨૦૨૨ પ્રાપ્ત થયો છે.  તો કોરિયા અને સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી 'ટાગોર લિટરેચર એવોર્ડ' પણ પ્રાપ્ત થયો છે. શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તરફથી 'શ્રી ઝવેરચંદ મેઘાણી એવોર્ડ' ૨૦૧૧ પણ એનાયત કરવામાં આવ્યો છે. તો 'ફ્રેન્ડશીપ ફોરમ ઓફ ઇન્ડિયા', દિલ્હી તરફથી ભારત એક્સલન્સ એવોર્ડ-૨૦૨૨ પ્રાપ્ત થયો હતો.

આમ ભગવાનદાસ પટેલે આદિવાસી મૌખિક લોકસાહિત્યને નવી ઊંચાઈ આપી છે. તેમણે સંશોધનમાં શાસ્ત્રીય પદ્ધતિ અપનાવી છે. તેમણે ડુંગરી ભીલ આદિવાસીઓના મૌખિક લોકસાહિત્યને અનેક દ્રષ્ટિકોણથી સંશોધવા પ્રયાસ કર્યો છે. તેમણે ૪૫ જેટલા ગ્રંથોનું સંપાદન કરીને ભીલ આદિવાસીઓના જીવનને આપણી સમક્ષ ઉજાગર કર્યું છે. એમની ધાર્મિક, સામાજિક માન્યતાઓ, વહેમ, અંધશ્રદ્ધા, પૂજાપાઠ, લગ્નજીવન, જન્મથી લઈને મૃત્યુપર્યંતઃ જીવનના બધા જ પાસાને ભગવાનદાસ પટેલે પૂર્ણ નિષ્ઠાથી સંપાદિત કરીને આદિવાસી લોકસાહિત્ય ક્ષેત્રે એક ભગીરથ કાર્ય કર્યું છે. ભગવાનદાસ પટેલને બળવંત જાની 'વનસ્વર' તરીકે ઓળખાવે છે. તો નિરંજન રાજ્યગુરુ 'અરવલ્લીની લોક સંસ્કૃતિના ભોમિયા' તરીકે ઓળખાવે છે. જે યોગ્ય જ ગણાય છે

## સંદર્ભ સૂચિ:-


- ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ, સંપા. ડૉ. હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,   પ્ર. આ.- ૨૦૧૧.
- ગુજરાતી લોકસાહિત્યના સંશોધકો ખંડ- ૧ સંપા. જે. એમ. ચંદ્રવાડિયા, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ.- ૨૦૨૩.